# // આંક – ૧ લગત હુકમ //

(૧) આ કેસનું રેકર્ડ વંચાણે લીધું. હાલની ફરીયાદ ખાનગી ફરીયાદ છે. સદરહું ફરીયાદ દાખલ થયા બાદ કોર્ટ દ્વારા આરોપીને સમન્સ કાઢવામાં આવેલ પરંતુ આરોપીને સમન્સ બજેલો નહી. વધુમાં આરોપી સામે વખતોવખત પ્રોસેસ કાઢવામાં આવેલા પરંતુ આરોપીને સમન્સ કોઇ પણ કારણોસર બજવણી થતી નથી અને આરોપીના અધુરા સરનામાને કારણે સમન્સ વગર બજ્યે પરત આવેલ છે. આ કેસ ફરીયાદ દ્વારા ઉદ્‌ભવેલ છે અને કેસ રજીસ્ટર થયા બાદ, આરોપી વિરુદ્ધ વખતોવખત પ્રોસેસ કાઢવામાં આવેલ છે. રેકર્ડ ધ્યાને લેતાં, એ જણાય છે કે ઘણાં લાંબા સમયથી આરોપી/આરોપીઓ મળી આવતા નથી. આ કેસમાં આરોપી/આરોપીઓને હાજર રહેવા માટે સમન્સ/વોરંટ ઇસ્યુ કરવામાં આવેલ છે અને તેને પણ પચ્ચીસ વર્ષ કરતા વધારે સમય થઇ ગયેલ છે, પરંતુ પુરતો પ્રયાસ કરવા છતા સમન્સ/વોરંટની બજવણી થઇ શકતી નથી. જેથી કેસની કાર્યવાહી આગળ વધી શકતી નથી અને કામ પડતર રહેલ છે. આમ, આરોપી/આરોપીઓની હાજરી મેળવવા માટે કરવામાં આવેલ તમામ શુદ્ધબુદ્ધિપૂર્વકના પ્રયત્નો સફળ થયેલ નથી અને પચ્ચીસ વર્ષ કરતા વધુ સમયથી આરોપીની સામે પ્રોસેસો કાઢેલ હોવા છતાં, આરોપીની ગેરહાજરીના કારણે આ કેસની ઇન્સાફી કાર્યવાહી વિલંબમાં પડેલ છે. આ કામે રેકર્ડ ધ્યાને લેતા અને કેસનું રોજકામ ધ્યાને લેતા છેલ્લા પચ્ચીસ વર્ષ ઉપરાંતથી આરોપીને સમન્સ અને વોરંટ બજવા પર કેસ મુલત્વી છે. વધુમાં ફરીયાદી દ્વારા સદરહું કેસમાં હાલની આ કેસની કાર્યવાહી આગળ ચલાવવા કોઇ કાર્યવાહી કરવામાં આવેલ નથી અને ફરીયાદીને પણ કેસમાં હાજર રહેવા વખતોવખત નોટીસો કરવામાં આવેલી છે તેમ છતાં પણ નોટીસ બજ્યે કે વગર બજ્યે પરત આવેલ નથી. હાલની ફરીયાદ બાબતે ફરીયાદી દ્વારા આરોપીને સમન્સ બજાવવા કોઇ નક્કર પ્રયત્નો કરવામાં આવતા નથી. વધુમાં કેસનું રેકર્ડ ધ્યાને લેતા પણ કેસ ખુબ જ જુનો હોય

અને આરોપી અને ફરીયાદીની ગેરહાજરીને કારણે પેન્ડીંગ હોય અને કેસની કાર્યવાહી મૃતપ્રાય અવસ્થામાં પડી રહેલ છે અને કેસની કાર્યવાહીમાં ફરીયાદી અને આરોપીની ગેરહાજરીને કારણે કાર્યવાહી લંબાઇ રહેલ હોય તેવુ રેકર્ડ પરથી સ્પષ્ટ રીતે જણાઇ આવે છે. વધુમાં ફરીયાદી દ્વારા ફરીયાદ દાખલ કર્યા બાદ ફરીયાદ સંબંધે પણ કોઇ આગળની કાર્યવાહી કરવા ફરીયાદી હાજર રહેતા નથી કે કોઇ રજૂઆત કરતા નથી. જેથી ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૨૫૬ વંચાણે લેતા હાલના કેસમાં આરોપીઓને સમન્સ બજતો ન હોય અને સમન્સ બજાવવા માટે સરનામુ રજૂ કરવાની ફરજ આરોપીની છે અને ફરીયાદી હાજર રહેતા ન હોય તેથી ફરીયાદીની ગેરહાજરીમાં ફરીયાદ કાઢી નાખવી વ્યાજબી જણાતી હોય ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**//હુ ક મ//**

(૧) હાલની ફરીયાદીની ફરીયાદ ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૨૫૬ અન્વયે ફરીયાદીની ગેરહાજરી અને આગળની કાર્યવાહી ન કરવાને કારણે ફરીયાદ કાઢી નાખવાનો અને કેસ ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ રોજ હુકમ તારીખ ૧૦મી, માહે –જુલાઈ, સને – ૨૦૨૧ ના રોજ મેજીસ્ટ્રેટની ખાસ સીટીંગમાં જાહેર કર્યો.

તારીખઃ ૧૦ .૦૭. ૨૦૨૧
સ્થળઃ અમદાવાદ(ગ્રામ્ય)

(એ.સી.સખીયા)
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ ક્લાસ
અમદાવાદ (ગ્રામ્ય) મિરઝાપુર,
U.I.Code No GJ01418